## સાયરા કેસમાં સીઆઈડી ક્રાઈમનો સનસનીખેજ ખુલાસો

# પિડીત યુવતીએ ગળેફાંસો ખાધો હતો

### બે આરોપીઓને ક્લીનચીટ : કેસના મુખ્ય આરોપી બિમલ ભરવાડ સામે દુષ્પ્રેરણનો ગુનો દાખલ કરવા કોર્ટમાં અરજી

મોડાસા

મોડાસાના સાયરા (અમરાપુર) ૧૯ વર્ષીય યુવતીના અપહરણ, ગેંગ રેપ અને હત્યાના ચકચારી કેસની તપાસ ૧૯ જાન્યુઆરીથી સી.આઈ.ડી ક્રાઈમના ડીઆઈજી ગૌતમ પરમારના નેતૃત્વમાં એસપી વીરેન્દ્ર યાદવ, ડીવાયએસપી અશ્વિન પટેલ સહિતની ટીમ કરી રહી છે. આ કેસનો મુખ્ય આરોપી બિમલ ભરતભાઈ ભરવાડ તપાસમાં સહકાર આપતો ન હોવાથી નાર્કો એનાલિસિસ ટેસ્ટ માટે કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. કોર્ટે મુખ્ય આરોપી બિમલ ભરવાડના નાર્કોટેસ્ટની મંજૂરી આપ્યાના બીજા જ દિવસે સીઆઈડી ક્રાઈમે સનસનીખેજ ખુલાસો કરતાં પિડીત યુવતી સાથે સામુહિક દુષ્કર્મ, અપહરણ કે હત્યા અંગેના કોઈપણ પ્રકારના પુરાવા ન મળતાં દર્શન ભરવાડ અને જીગર પરમારને ક્લીનચીટ આપી હતી. મુખ્ય આરોપી બિમલ ભરવાડ સામે સીઆઈડી ક્રાઈમે મોડાસા નામદાર કોર્ટમાં દુષ્પ્રેરણ કરવા યુવતીને મજબૂર કરવા અંગે અરજી કરવામાં આવી હતી.

મોડાસાના સાયરા (અમરાપુર)ની ૧૯ વર્ષીય યુવતીના શંકાસ્પદ મૃત્યુ મામલે સમગ્ર રાજ્યમાં ભારે પડઘા પડ્યા હતા. અરવલ્લી જિલ્લા પોલીસતંત્રની ઢીલી નીતિનો આક્ષેપ થતા પોલીસ મહાનિર્દેશક શિવાનંદ ઝાએ સમગ્ર કેસની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપી હતી. આ કેસને બે મહિના થવા છતાં હજુ યુવતીના મોતનું રહસ્ય અકબંધ રહ્યું છે. ત્યારે સાયરા દુષ્કર્મ કેસના બીમલ ભરવાડ અને દર્શન ભરવાડે મોડાસા કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરતાં કોર્ટે જામીન અરજી માટે ૫ માર્ચે સુનાવણી હાથ ધર્યા પછી મુદત આપી હતી. રેગ્યુલર જામીન અંગે બુધવારે સુનવણી હાથ ધરવામાં આવતા પીડિત પરિવારના વકીલે એફિડેવિટ દાખલ કરી આરોપીઓના રેગ્યુલર જામીન મંજુર ન કરવા રજુઆત કરી હતી. જ્યારે સીઆઈડીએ કોર્ટમાં બિમલ ભરવાડ તપાસમાં સહકાર ન આપતો હોવાનું કહીને નાર્કોટેસ્ટ માટે મંજૂરી માગી હતી. જેના પગલે કોર્ટે બિમલ ભરવાડની નાર્કોટેસ્ટ દ્વારા તપાસ કરવા મંજૂરી આપી હતી.

જો કે કોર્ટે નાર્કોટેસ્ટની મંજૂરી આપ્યાના બીજા જ દિવસે સીઆઈડી ક્રાઈમના જીૈના વડા ગૌતમ પરમારે ગુરુવારે હ્લજીન અને પોસ્ટમોર્ટમના આધારે થયેલી તપાસ અંગે પ્રેસ કોન્ફરન્સમાં ખુલાસો કર્યો હતો કે, હ્લજીન, પીએમ રીપોર્ટ, પુરાવા અને સાક્ષીઓના નિવેદન લેવામા આવ્યા છે. નિવેદનો, ફોન રેકોર્ડિંગ અને પુરાવા આધારે પીડિતા સાથે કોઈ દુષ્કર્મ થયું નથી તેમ જણાવ્યું હતું. પિડીતાના દુપટ્ટા પરથી કોઈ વીર્ય કે લાળ મળી ન હોવાનું પણ સીઆઈડી દ્વારા જણાવાયું હતું. તપાસમાં પીડિતાએ આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું છે. કેસમાં બિમલને બાદ કરતા અન્ય આરોપીનો કોઈ રોલ નથી. બિમલ ભરવાડે પિડીતાને આત્મહત્યા કરવા અંગે દુષ્પ્રેરણ કર્યું હોવાનો કેસ કરવા માટે સીઆઈડીએ કોર્ટમાં રજૂઆત કરી હોવાની માહિતી સૂત્રો દ્વારા પ્રાપ્ત થઈ હતી.





### પ્રેમ સંબંધ બંધાયા બાદ બિમલ પીડિતાને ઘરે અને ગેસ્ટ હાઉસમાં લઈ ગયો હતો

મુખ્ય આરોપી બિમલ ભરવાડ પીડિતાને ઘરે અને ગેસ્ટહાઉસમાં લઈ ગયો હતો.૧૪-૧૫ ડિસેમ્બરના રોજ પીડિતા આરોપી દર્શન ભરવાડના સંપર્કમાં આવી હતી. ત્યાર પછી બિમલ ભરવાડ અને પીડિતાની બહેન વચ્ચે સંપર્ક થયો હતો. જ્યાં પીડિતા સાથે બિમલે મિત્રતા કરી અને પ્રેમસંબંધ બંધાયો હતો. ત્યાર બાદ બિમલ પીડિતાને ઘરે અને ગેસ્ટહાઉસમાં લઈ ગયો હતો. આ દરમિયાન પીડિતાએ બિમલ સાથે રહેવા માટે દબાણ કર્યું હતું. બિમલ પરિણીત હતો. પરંતુ બિમલ તૈયાર ન થતાં પીડિતાએ બિમલને બ્લેકમેઈલ કરવાનું શરૂ કર્યું હતું.પીડીતાએ આત્મહત્યા કરી હોવાનું CIDની તપાસમાં બહાર આવ્યું છે.

### ઝાડ પર તપાસ કરતા આરામથી ગળાફાંસો થાય તેવી પરિસ્થિતિ છે

SITની તપાસમાં ખુલાસો થયો છે કે, પીડિતાનું અપહરણ પણ કરવામાં આવ્યું નથી. ઝાડ પર તપાસ કરતા આરામથી ગળાફાંસો થાય તેવી પરિસ્થિતિ છે. ઝાડની વડવાઈ પર ઘસતા શરીર પર ઈજા થઈ હતી. સાયન્ટિફિક રીતે કોઈ અપહરણ કે દુષ્કર્મ થયું નથી. કલમ ૩૦૬નો ઉમેરો કરવા કોર્ટમાં અરજી કરી છે. અન્ય આરોપીનો કોઈ રોલ નથી. નાસતો ફરતો આરોપી સતીશ ભરવાડ કોઈ નથી બિમલ જ છે.પીડિતા ગુમ થઈ તેની તમામ બાબતો હજી તપાસ કરવામાં આવશે.નાર્કો ટેસ્ટ માટે કોર્ટમાં અરજી કરવામાં આવી હતી જેની મંજૂરી મળી ગઈ છે.

### શું હતો સમગ્ર મામલો

સાયરા (અમરાપુરા)ની યુવતી ૩૧ ડિસેમ્બરના રોજ મોડાસા આવ્યા બાદ ગુમ થઈ ગઈ હતી. પરિવારે પુત્રીની શોધખોળ કર્યા બાદ તેનો કોઈ પત્તો ન લાગતા મોડાસા ટાઉન પોલીસમાં જાણ કરાઈ હતી. યુવતી ગુમ થયાને પાંચ દિવસનો સમયગાળો વિતવા છતાં તેની કોઈ ભાળ ન મળી ન હતી. ત્યારબાદ સાયરા ગામની સીમમાં આવેલા વડ ઉપર યુવતીની લાશ લટકતી હોવાની વાત વહેતી થતાં ગ્રામજનો અને આજુબાજુના ગામડાઓના ટોળેટોળા ઘટનાસ્થળે દોડી ગયા હતા. ત્યાર બાદ સાયરા (અમરાપુર)ની ગુમ થનાર યુવતી પરિવારજનો અને સગા સબંધી મોટી સંખ્યામાં એકઠા થયા હતા. જેને પગલે મોડાસા રૂરલ પોલીસ અને એલ.સી.બી. પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી.

### એક હોટલમાં રાત રોકાયા હતાં જ્યાં બિમલ સાથે ઝઘડો થયો

આકાશ ભરવાડ સાથે મળી પીડિતાને અન્ય સાથે મૈત્રી કરાવવા પ્લાન ઘડવામાં આવ્યો. ૩૦ ડિસેમ્બરે પીડિતા, આકાશ, તેની મિત્ર અને બિમલ ભરવાડે હોટલમાં ડિનર કર્યું અને અન્ય એક હોટલમાં રાત રોકાયા હતાં. આ દરમિયાન હોટલમાં ઝઘડો થયો હતો. ૩૧ ડિસેમ્બર અને ૧ જાન્યુઆરીએ પણ ઝઘડો કર્યો. જેમાં પીડિતાએ કહ્યું કે જો મને છોડી દઈશ તો તારા અને મારા ઘરે બધું કહી દઈશ. ૧ જાન્યુઆરીએ ગાડીમાં બે કલાક ઝઘડો થયો જ્યારે ૧ જાન્યુઆરીની સવારે બિમલ પીડિતાને લેવા માટે સાયરા ગામે ગયો હતો. બે કલાક ગાડીમાં બબાલ થઈ હતી. પીડિતા અને બિમલ વચ્ચે ગાડીમાં ઝઘડો થયો અને પીડિતાએ જીદ કરી કે જો મારી જોડે નહીં રહે તો હું ગાડીમાંથી ઉતરીશ નહીં. ત્યાર બાદ મોડાસાના બસ સ્ટેન્ડ પર ગાડીમાં બિમલ અને પીડિતા વચ્ચે ઝઘડો થતાં પીડિતાની બહેનને બોલાવી હતી. પીડિતા ફોન લેવા નીચે ઉતરી ત્યારે બિમલ ગાડી લઈ ફરાર થઈ ગયો. જ્યાંથી પીડિતા મોહનભાઈની રિક્ષામાં સાયરા ગામે ગઈ હતી. પીડિતાએ બહેનને કહ્યું કે બિમલે ઘણી સાથે આવું કર્યું છે. મારી સાથે કરશે તો છોડીશ નહીં.

### પીડિતાએ બિમલ સાથે રહેવા માટે દબાણ કર્યું હતું

SITની તપાસમાં થયેલા ખુલાસા મુજબ, ૧૪-૧૫ ડિસેમ્બરના રોજ પીડિતા આરોપી દર્શન ભરવાડના સંપર્કમાં આવી હતી. ત્યાર પછી બિમલ ભરવાડ અને પીડિતાની બહેન વચ્ચે સંપર્ક થયો હતો. જ્યાં પીડિતા સાથે બિમલે મિત્રતા કરી અને પ્રેમસંબંધ બંધાયો હતો. ત્યાર બાદ બિમલ પીડિતાને ઘરે અને ગેસ્ટહાઉસમાં લઈ ગયો હતો. આ દરમિયાન પીડિતાએ બિમલ સાથે રહેવા માટે દબાણ કર્યું હતું. બિમલ પરિણીત હતો. પરંતુ બિમલ તૈયાર ન થતાં પીડિતાએ બિમલને બ્લેકમેઈલ કરવાનું શરૂ કર્યું હતું. આરોપી બિમલે દૂર થવાનો પ્રયાસ કરતા પીડિતાએલાગી આવતા આત્મહત્યા કરી હતી. આરોપી બિમલ ભરવાડે પીડિતાથી છુટકારો મેળવવા માટે તેના કૌટુંબિક યુવક સાથે સંબંધ રાખવા પ્લાન ઘડ્યો અને તેનાથી દૂર થવા પ્રયત્ન કરતા પીડિતાને લાગી આવતા આત્મહત્યા કરી હતી.

## મોડાસાની સરકારી એન્જીનીયરીંગ કોલેજના અધ્યાપકોએ કાળા પહેરવેશ સાથે વિરોધ નોંધાવ્યો

સરકારી એન્જીનીયરીંગ અને પોલિટેક્નિક કોલેજમાં ફરજ બજાવતા અધ્યાપકોને સરકાર દ્વારા સાતમા પગાર પંચનો લાભ આપવામાં ન આવતા તેમજ પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં ન આવતા અધ્યાપકો દ્વારા સરકાર સામે વિરોધનું રણશીંગુ ફુંકવામાં આવ્યું છે. બુધવારે મોડાસા સરકારી એન્જીનીયરીંગમાં ફરજ બજાવતા અધ્યાપકોએ સાતમા પગાર પંચની માંગ સાથે સૂત્રોચ્ચાર કરી કાળા કપડાં ધારણ કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું.

મોડાસાની એન્જિનિયરિંગ કોલેજ ખાતે સાતમા પગાર પંચની માંગ સાથે કોલેજના સીત્તેરથી વધારે અધ્યાપકોએ પગાર પંચની માંગ સાથે સુત્રોચ્ચાર કર્યા હતા. હાલ કોલેજમાં શૈક્ષણિક કાર્ય ચાલુ રાખવામાં આવ્યું છે અને તેમણે શાંતિપૂર્ણ સાતમા પગાર પંચની માંગ સાથે વિરોધ દર્શાવ્યો હતો, અધ્યાપકોનું કહેવું છે કે કેટલાય સમયથી તેઓ સાતમા પગાંર પંચની માંગ કરી રહ્યા છે, એટલું જ નહી શૈક્ષણિક કાર્ય ચાલુ રાખીને તેઓ તેમના હક્કની માંગ કરી રહ્યા છે, પણ તેઓની માંગ હજુ સુધી સંતોષવામાં નથી આવી. તેમની માંગ છે કે ૧ જાન્યુઆરી ૨૦૧૬ના વર્ષથી સાતમા પગાર પંચનો લાભ મેળવવાની માંગ સાથે કાળા કપડાં ધારણ કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. આંદોલનકારી પ્રધ્યાપકોના જણાવ્યા અનુસાર, મોટા ભાગના કર્મચારીઓને આનો લાભ મળી ચૂક્યો છે પરંતુ એન્જીનીયરીંગ, પોલિટેક્નિક અને ફાર્મસી કોલેજમાં ફરજ બજાવતા અંદાજે ૪ હજાર જેટલા જેટલા પ્રધ્યાપકને સાતમા પગાર પાંચથી વંચિત રાખવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું.

એક વર્ષ અગાઉ ટેકનીકલ શિક્ષણની સંસ્થાઓના અધ્યાપકો માટે ૭માં પગારપંચની ભલામણો પ્રસિદ્ધ કરવામાં આવી હતી. જેને એક વર્ષનો સમય વિતવા છતાં ગુજરાત સરકાર દ્વારા ટેકનીકલ શિક્ષણની સંસ્થાઓમાં ફરજ બજાવતા અધ્યાપકોને સાતમાં પગારપંચનો લાભ આપવામાં ન આવતા તેમજ સાતમાં પગાર પંચનો અમલ કરવા માટે અનેકવાર રજુઆતો કરવા છતાં સરકાર દ્વારા ટેકનીકલ અધ્યાપકોના પડતર પ્રશ્નોનો કોઈ સંતોષકારક ઉકેલ લાવવામાં ન આવતા અધ્યાપક મંડળ ગુજરાત રાજ્ય દ્વારા પોતાની પડતર માંગોને લઈ સરકાર સામે આંદોલનનો માર્ગ અપનાવવામાં આવ્યો છે.




## ડીસા પાલિકામાં પ્રમુખ તરીકે ઉપપ્રમુખે વિધિવત ચાર્જ સંભાળ્યો

ડીસા નગરપાલિકામાં ભાજપી નગરસેવકો અને પ્રમુખ વચ્ચે છવાયેલ આંતરિક વિખવાદના કારણે પાલિકા વિવાદોમાં સપડાઈ છે ત્યારે પાલિકાના પ્રમુખ શિલ્પાબેન માળી અનિશ્ચિત મુદતની રજા ઉપર ઉતરી ગયા હતા ત્યારબાદ ગઈકાલે બુધવારે પાલિકા પ્રમુખ તરીકેનો વિધિવત ચાર્જ ઉપપ્રમુખ કાંતિલાલ સોનીએ સંભાળ્યો હતો આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાજપના સદસ્યો અને વેપારીઓએ ઉપસ્થિત રહી અભિનંદન પાઠવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે પાલિકા પ્રમુખ શિલ્પાબેન માળીના વહીવટ સામે પાલિકાના વિવિધ કમિટીના ચેરમેન સહિત ૧૩ સભ્યોએ વિરોધ દર્શાવતા મામલો ગરમાયો હતો અને તમામ પીડિત સભ્યોએ આ બાબતે મોવડી મંડળને રજુઆત કરતા મોવડી મંડળ દ્વારા તેમને રજા ઉપર ઉતરવાની ફરજ પાડી હતી જેને લઈ પાલિકા ના ઉપપ્રમુખ કાંતિલાલ સોનીએ પાલિકા પ્રમુખ તરીકેનો વિધિવત ચાર્જ સંભાળ્યો હતો જે પ્રસંગે ડીસા ભાજપ સંગઠનના હોદેદારો, ચૂંટાયેલા કોર્પોરેટર તેમજ મોટી સંખ્યામાં વેપારી ઓએ ઉપસ્થિત રહી અભિનંદન સાથે શુભેચ્છાઓ પણ પાઠવી હતી. જોકે છેલ્લા ત્રણ માસથી પાલિકા માં ભાજપી સદસ્યોનો આંતરીક વિખવાદ સપાટી ઉપર આવ્યો હતો અને સભ્યોની રજુઆત ના પગલે ભાજપ મોવડી મન્ડલ દ્વારા અસંતોષની આગ ઠારવા આ નિર્ણય લેવાની ફરજ પડી હતી જોકે આ બાબતને લઈ સમગ્ર શહેરમાં એ ચર્ચાએ જોર પકડ્યું હતું કે

નગરપાલિકામાં આખરે સત્તાધારી પક્ષ સામે સંગઠન ની જીત થઈ છે. પણ હોળી ધુળેટી બાદ આગની જ્વાળા ઠરે છે કે પછી ? તે સવાલ પણ ચર્ચાસ્પદ બનવા પામ્યો છે.

## સાયરા કેસના મુખ્ય આરોપી બિમલ ભરવાડના નાર્કો ટેસ્ટ માટે મંજૂરી

### બે આરોપીઓના રેગ્યુલર જામીનની સુનવણી ગુરૂવારે

મોડાસા, તા. ૧૧

મોડાસાના સાયરા (અમરાપુર) ૧૯ વર્ષીય યુવતીના અપહરણ, ગેંગ રેપ અને હત્યાના ચકચારી કેસની તપાસ ૧૯ જાન્યુઆરીથી સી.આઈ.ડી. ક્રાઈમના ડીઆઈજી ગૌતમ પરમારના નેતૃત્વમાં એસપી વીરેન્દ્ર યાદવ, ડીવાયએસપી અશ્વિન પટેલ સહિતની ટીમ કરી રહી છે. આ કેસનો મુખ્ય આરોપી બિમલ ભરતભાઈ ભરવાડ તપાસમાં સહકાર આપતો ન હોવાથી નાર્કો એનાલિસિસ ટેસ્ટ માટે કોર્ટમાં અરજી કરવામાં આવી હતી જેની સુનવણી બુધવારે હાથ ધરાતા નામદાર કોર્ટ બિમલ ભરવાડના નાર્કો એનાલિસિસ ટેસ્ટ માટે મંજૂરી આપવામાં આવતા સીઆઈડી ક્રાઈમની ટીમે બિમલ ભરવાડનો નાર્કો એનાલિસિસ ટેસ્ટ માટે તજવીજ હાથ ધરી હતી.

મોડાસાના સાયરા (અમરાપુર)ની ૧૯ વર્ષીય યુવતીના શંકાસ્પદ મૃત્યુ મામલે સમગ્ર રાજ્યમાં ભારે પડઘા પડતા અને અરવલ્લી જીલ્લા પોલીસતંત્રની ઢીલી નીતિનો આક્ષેપ થતા પોલીસ મહાનિર્દેશક શિવાનંદ ઝાએ સમગ્ર કેસની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપવામાં આવી હતી.

આ બે મહિના થવા છતાં હજુ યુવતીના મોતનું રહસ્ય અકબંધ રહ્યું છે ત્યારે સાયરા કેસના બીમલ ભરવાડ અને દર્શન ભરવાડે મોડાસા કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરવામાં આવતા કોર્ટે જામીન અરજી માટે ૫ માર્ચે સુનવણી હાથધર્યા પછી મુદત આપી.

જામીન અંગે બુધવારે સુનવણી હાથ ધરવામાં આવતા પીડિત પરિવારના વકીલે એફિડેવિટ દાખલ કરી આરોપીઓના રેગ્યુલર જામીન મંજુર ન કરવા રજુઆત કરી હતી અને ઈન્વેસ્ટિંગ ઓફિસરની એફેડેવિટને પગલે નામદાર કોર્ટે બંને આરોપીઓના રેગ્યુલર જામીન માટેનો ચુકાદો અનામત રાખી ગુરુવારે કોર્ટ સુનવણી કરશે તો પીડિત પરિવાર અને લોકોની નજર હવે આવતીકાલ પર અટકી છે.



## ડીસામાં લઘુમતી સમાજના ઈસમોનો મહિલા પર હુમલો

ડીસાની અમનપાર્ક સોસાયટી નજીક સામાન્ય બાબતમાં એક મહિલાને લઘુમતી સમાજના ત્રણ ઈસમોએ હુમલો કરી ઈજા પહોંચાડવા મામલે મહિલાએ દક્ષિણ પોલિસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

ડીસાના રેલવે સ્ટેશન વિસ્તારમાં રહેતા ગીતાબેન મહેશભાઈ માજીરાણાના દીકરાનો અમનપાર્ક સોસાયટીમાં મંગળવારે ઝગડો થયેલ જે બાબતની ગીતાબેન પૂછપરછ કરતા હતા તે દરમિયાન અમનપાર્ક ખાતે રહેતા મહમદઅલી ખાટકી, ઈમરાન ખાટકી અને સાદિક અબ્દુલ કુરેશી સહિતનાઓએ 'તું અહીં કેમ આવી છે ?' તેમ કહી જાતિ અપમાનિત ગાળો બોલી માથામાં ધોકા વડે આડેધડ માર મારી ઈજાઓ કરવા ઉપરાંત મોટર સાયકલ ને નુકસાન પહોંચાડ્યું હતું.

## મોડાસાના કોકપુર ગામનો યુવક માજુમ નદીમાં ગરકાવ

### મંગળવારનો દિવસ રહ્યો અમંગળ ૬ સ્થળોએ ડૂબવાની ૬ ઘટનામાં ૮થી વધુ મોત

મોડાસા, તા. ૧૧

રંગોનો પર્વ હોળી-ધુળેટીનો તહેવાર રાજયના કેટલાક પરિવારોના રંગ છીનવી લીધા હોય તેમ રાજયમાં અનેક જગ્યાએ પાણીમાં ડૂબી જવાની ઘટનામાં ૪ થી વધુ લોકોના મોત નિપજ્યા હતા. મોતનો આંકડો દસથી વધુને આંબી શકે છે, મોડાસાના વણિયાદ-કોકાપુર નજીકથી પસાર થતી માજુમ નદીના પુલ પર મોબાઈલ પર વાત કરતો યુવક નદીમાં ખાબકતા ભારે ચકચાર મચી હતી. તાપી નદીમાં હોડી પલટી ગઈ હતી, હોડીમાં ૧૩ સહેલાણીઓમાંથી ૬ ને બચાવી લીધા હતા. સુરતમાં તાપી નદીમાં ત્રણ યુવક ડૂબ્યા હતા જેમાં બેના મૃતદેહ મળ્યા એકની શોધખોળ હતી, બાલીસણા નજીક ત્રણ યુવક કેનાલમાં ડૂબ્યા હતા યુવકની શોધખોળ ચાલુ છે, ભાવનગરમાં તળાવમાં ડૂબવાથી યુવકનું મોત નીપજ્યું હતું. વડોદરામાં સેલ્ફી લેતા યુવક કેનાલમાં ડૂબ્યો હોવાની ઘટના બનતા મંગળવારનો દિવસ અમંગળ સાબિત થયો હતો.

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના વણિયાદ-કોકાપુર ગામ નજીકથી પસાર થતી માજુમ નદીના પુલની દીવાલ નજીક ઉભો રહી કોકાપુર ગામનો કલ્પેશ રમણભાઈ પરમાર (ઉં.વર્ષ-૨૮) નામનો યુવક મોબાઈલ પર વાતચીત કરી રહ્યો હતો. અચાનક શરીરનું સંતુલન ગુમાવતા પુલ પરથી નદીમાં ખાબકતા આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા, સ્થાનિક તરવૈયા બચાવે તે પહેલા પાણીમાં ગરકાવ થઈ જતા યુવકના પરિવારજનો અને લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. ધુળેટી પર્વના દિવસે યુવક નદીમાં ડૂબી જતા જિલ્લા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન રેવાભાઈ ભાંભી પણ દોડી આવ્યા હતા અને વહીવટીતંત્રને જાણ કરતા યુવકને શોધખોળ કરવા ગાંધીનગરથી એનડીઆરએફની ટીમ પણ બોલાવી લીધી હતી. યુવકને ડૂબવાની ઘટનાને ૧૮ કલાકથી વધુનો સમય વીતવા છતાં પાણીમાં ગરકાવ યુવક મળી ન આવતા પરિવારજનોમાં ભારે ચિંતા સાથે શોકમાં ગરકાવ થઈ ગયા હતા.



## ઉનાવા ગામમાં બસો ન આવતા યાત્રિકો મુશ્કેલીમાં

ઊંઝા નજીકના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ ઉનાવા ગામે ધાર્મિક સ્થળોના યોજાતા મેળા દરમિયાન ટ્રાફિક નિયમન કરવામાં નિષ્ફળ નિવડતા પોલીસ તંત્ર દ્વારા એસ.ટી. બસોને ગામમાં આવતી અટકાવી દેતાં બહારના યાત્રિકો સ્થાનિક મુસાફરોને ભારે મુશ્કેલી વેઠવી પડે છે.

હાલ ઉનાવા ગામે મામુસાહેબની દરગાહનો તેમજ નજીકના પળી ગામે હજરત દાદી અમ્માનો ઉર્સ ખાતે મેળો યોજાયો છે. ત્રિદિવસીય આ મેળાને લઈને ઉનાવા પોલીસે ઉનાવા ગામમાંથી પસાર થતી એસ.ટી. બસોને અટકાવીને બાયપાસ પરથી બસો નીકળે તેવી વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવી દીધી છે. જેથી એસ.ટી.ની તમામ બસો બાયપાસ હાઈવે પરથી નીકળી જતાં બહારના યાત્રાળુઓ અને સ્થાનિક મુસાફરો પારાવાર મુશ્કેલી વેઠી રહ્યા છે.

ઉનાવાની જનતાનો આક્ષેપ છે કે ઉનાવા ગામે વર્ષમાં ત્રણ ચાર વાર ભરાતા નાના મોટા મેળાઓ દરમિયાન સ્થાનિક પોલીસ અડધાથી પોણા કિ.મી. સુધીના ગામમાંથી પસાર થતા ધોરી માર્ગ પર ટ્રાફિકનું યોગ્ય નિયમન કરી શકતી નથી. અને પોતાની ફરજમાંથી વિમુખ બનીને માત્ર એસ.ટી. બસોને ગામમાં પ્રવેશતી અટકાવે છે. જે યોગ્ય નથી. એસ.ટી. બસો ગામમાં ન આવવાથી રોજિંદા શાળા, કોલેજમાં અભ્યાસ અર્થે જતા અસંખ્ય વિદ્યાર્થીઓ, ધંધાર્થીઓ, મુસાફરો તથા બહારના યાત્રિકોને એસ.ટી. બસોમાં બેસવા માટે ગામથી દૂર બાયપાસ હાઈવે પર જવું પડે છે. આવી સ્થિતિમાં રાત્રિના સમયે એકલ દોકલ સ્ત્રી મુસાફરની સલામતી જોખમાવાનો ભય રહેતો હોય છે.

ગ્રામજનોનું કહેવું છે કે છેલ્લા કેટલાક વર્ષોથી પોલીસ આ કાર્યપદ્ધધતિ અપનાવી રહી છે. પરિણામે અન્ય દિવસોમાં પણ મોટાભાગની એસ.ટી. બસો ગામમાં આવતી નથી અને બાયપાસ હીવે પરથી બારોબાર રવાના થી જતી હોય છે. આથી ઉનાળાના ગ્રામજનોમાં પોલીસની કાર્યશેલી સામે રોષની લાગણી ફેલાઈ છે. બીજુ ઉનાવા પોલીસ સ્ટેશનની હદમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવામાં તંત્ર નિષ્ફળ હોવાની છાપ લોકમાનસમાં ઉભી થઈ છે.